આકાશવાણી ભુજ

સમાચાર વાચક : અશરફ નથવાણી

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : **11-09-2024**　　　　　સમય : સવારે **6.50** વાગ્યે

---

## પ્રધાનમંત્રી –રાષ્ટ્રીય સંશોધન ફાઉન્ડેશન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વૈશ્વિક સમસ્યાઓના પ્રાદેશિક ઉકેલ પર ભાર મૂક્યો છે. પ્રધાનમંત્રીએ ગઇકાલે નવી દિલ્હીમા નવ નિર્મિત અનુસંધાન રાષ્ટ્રીય સંસોધન ફાઉન્ડેશનની પ્રથમ બોર્ડ બેઠકની અધ્યક્ષતા કરી હતી. બેઠક દરમિયાન પ્રધાનમંત્રીએ સંશોધન ક્ષેત્રે અવરોધ બની રહેલા પડકારોની ઓળખ કરવાની વાત કરી. વધુમાં તેમણે આ પડકારોને દૂર કરવા માટે પગલા લેવા અને સંસોધન ક્ષેત્રની વર્તમાન સમસ્યાઓના ઉકેલ પર ધ્યાન કેન્દ્રિત કરવા જણાવ્યું હતું.

પ્રધાનમંત્રીએ સંશોધન અને વિકાસની પ્રગતિનું નિરીક્ષણ કરવા માટે જે તે ક્ષેત્રના નિષ્ણાતોની યાદી અને એક ડેશબોર્ડ વિકસીત કરવાનું સૂચન કર્યું. તેમણે સંશોધન અને નવાચાર માટે સંસાધનોના ઉપયોગનું વૈજ્ઞાનિક નિરીક્ષણ કરવા ઉપર પણ ભાર મૂક્યો. તેમણે કહ્યું

કે વૈજ્ઞાનિક સમુદાયને વિશ્વાસ હોવો જોઈએ કે તેમના પ્રયાસો માટે સંસાધનોની અછત નહી થાય.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી સૂર્યઘર અને સૂર્યઘર કુસુમ યોજના

પ્રધાનમંત્રી સૂર્યઘર અને પ્રધાનમંત્રી કુસુમ યોજનાના અમલીકરણમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર છે. ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આ બંને યોજના અંતર્ગત રાજ્યએ કરેલી કામગીરીની સમીક્ષા બેઠકમાં કેન્દ્રીય નવીન અને નવીનીકરણ ઊર્જા મંત્રી પ્રલ્હાદ જોષીએ કહ્યું કે, ગુજરાત પરંપરાગત ઊર્જા ઉત્પાદનમાં અન્ય રાજ્યો કરતાં વધુ સક્રીય રીતે કાર્ય કરી રહ્યું છે.

સમીક્ષા બેઠકમાં રાજ્યના ઊર્જા મંત્રી કનુ દેસાઈએ કહ્યું, પ્રધાનમંત્રી સૂર્યઘર યોજનાના અમીલકરણમાં ગુજરાત બાદ મહારાષ્ટ્ર, કેરળ, ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશનો ક્રમ આવે છે. આ બંને યોજનાના અમલમાં ગુજરાત ટૂંક સમયમાં પોતાનો લક્ષ્યાંક પૂર્ણ કરીને નવો લક્ષ્યાંક સ્થાપિત કરશે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી આવાસ યોજના

રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ છેલ્લા 9 વર્ષમાં કુલ 14 લાખથી વધુ આવાસનું નિર્માણ કરાયું છે. સત્તાવાર યાદી મુજબ, રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી હેઠળ 8 લાખ 68 હજારથી વધુ અને પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ હેઠળ 5 લાખ 57 હજારથી વધુ આવાસનું નિર્માણકાર્ય પૂર્ણ કરાયું છે.

વર્ષ 2015માં અમલમાં આવેલી પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ગુજરાતને પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી માટે 14 અને ગ્રામીણ માટે 3 પુરસ્કાર પણ પ્રાપ્ત થયા છે.

**RNU અમદાવાદ**

---

## લખપત-અબડાસાની પરિસ્થિતિની સમીક્ષા

લખપત અને અબડાસા તાલુકામાં શંકાસ્પદ તાવના કેસને લઈને જિલ્લા વહીવટીતંત્ર તેમજ આરોગ્ય વિભાગની કામગીરીની સમીક્ષા માટે આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ કચ્છની મુલાકાતે આવ્યા છે. તેમણે ભુજ પહોંચીને ગઈકાલે સાંજે જિલ્લા કલેક્ટર અમિત અરોરા સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ પાસેથી પ્રવર્તમાન સ્થિતિની પ્રાથમિક વિગતો મેળવી લેવામાં આવેલા પગલાઓ વિશે જાણકારી મેળવી હતી હતી. આરોગ્ય મંત્રીએ વહીવટીતંત્રને રોગ અટકાયતી પગલાં લેવા અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં કચ્છના પ્રભારીમંત્રી પ્રફૂલભાઈ પાનશેરિયા તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, કચ્છ જિલ્લામાં શંકાસ્પદ તાવના કેસ સામે આવતા તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરીને રોગ અટકાયતી પગલાં લેવામાં આવી રહ્યા છે. શંકાસ્પદ તાવના કેસ જોવા મળ્યા તે તમામ વિસ્તારોમાં આરોગ્ય વિભાગની ટીમે સેમ્પલ લઈને દવાઓના છંટકાવ સહિતની કામગીરી કરી હતી.

અશરફ નથવાણી

---

## કચ્છ યુનિવર્સિટી

કચ્છની શાળા-કોલેજોમાં માદક પદાર્થો અંગે જાગૃતિ અને સાયબર સિક્યુરિટી માટે કચ્છ યુનિવર્સિટીએ આંતરરાષ્ટ્રીય પોલીસ ફોરમ સાથે MOU કર્યા છે

યુનિ.ના અર્થશાસ્ત્ર વિભાગ તથા ઇન્ટરનેશનલ પોલીસ ફોરમ દ્વારા કરાયેલા આ એમઓયુ અંતર્ગત કચ્છની પ્રાથમિક,માધ્યમિક,ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તેમજ કોલેજો અને યુનિવર્સિટીમાં ડ્રગ્સ અવેરનેસ, સાયબર સિક્યુરિટી બાબતે જાગૃતિ ફેલાવવામાં આવશે જે માટે સેમિનારો સહિતના કાર્યક્રમમાં યોજવામાં આવશે.

અશરફ નથવાણી

---

## ગુજરાત પોલીસ હેલ્પલાઇન

ગુજરાત પોલીસ દ્વારા રાજ્યમાં ટ્રાફિક સંબંધિત સમસ્યાઓના નિવારણ માટે હેલ્પલાઇન સેવા નંબર 180023 31122 શરૂ કરાયો છે. રાજ્યના કોઈ પણ સ્થળે સર્જાયેલી માર્ગ અકસ્માતની ઘટના, ટ્રાફિકજામની સમસ્યા કે અન્ય ટ્રાફિક સંબંધિત મુશ્કેલીની માહિતી નાગરિકો એક જ ફોન-કૉલથી આ નવી હેલ્પલાઇનમાં આપી શકશે.

આ માહિતી તાત્કાલિક સંબંધિત વિસ્તારના પોલીસ અધિકારીને પહોંચાડી તેનું નિવારણ કરાશે. ઉપરાંત રાજ્ય પોલીસે અન્ય ત્રણ સુવિધા પણ ઉપલબ્ધ કરાવી છે, જેમાં વેબસાઈટ, ઈ-મેલ આઈડી તેમ જ સ્માર્ટફોન ઉપયોગકર્તા માટે વિશેષ એપ્લિકેશનની સેવાનો સમાવેશ કરાયો છે.

**RNU અમદાવાદ**

---

## હવામાન

જીલ્લામાં ગરમીનો પારો ઉંચકાયો છે. ગઈકાલે કંડલા એરપોર્ટ મથકે મહત્તમ તાપમાન 35.5 ડિગ્રી રહેતાં ગાંધીધામ વિસ્તાર સતત બીજા દિવસે રાજ્યમાં સૌથી ગરમ બન્યો હતો. જયારે ભુજમાં મહત્તમ ઉષ્ણતામાન 34.1, નલિયામાં 32 જ્યારે કંડલા બંદરે 33.7 ડિગ્રી નોંધાયું હતું.

**અશરફ નથવાણી**

---